ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૩૯ ૧૦ નવેમ્બર, ૨૦૧૩, રવિવાર; કારતક સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ગંદકીના ઠેર ઠેર ઢગ

## સત્તાધીશો સફાઈની સેવા સરકારને પરત સોંપી હોદ્દા છોડે તેવી માંગ કરતા પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં ગંદકીનો ત્રાસ અસહ્ય બન્યો છે અને તંત્રે પણ સફાઈના મુદ્દે કરેલું આયોજન માત્ર કાગળ પરના અક્ષરો બની રહી જવા પામ્યું છે. કોંગી કાઉન્સીલર શ્રી પ્રવિણ પટેલે તો સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ નિવડેલા સત્તાધીશોના રાજીનામાની માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં દિપાવલીના પર્વો દરમિયાન સ્વચ્છતા જાળવવા માટે કોર્પોરેશને આયોજન કર્યું હતું. પરંતુ તેમાં તંત્ર સાવ નિષ્ફળ પુરવાર થયું છે અને શહેરમાં ઠેર ઠેર ગંદકીના ખડકલા થઈ જવા પામ્યા છે. સે-૨૧ના શાકમાર્કેટમાં તો દિપાવલીના પર્વોમાં ગાયના ત્રાસથી વેપારીઓ અને ગ્રાહકો પણ પરેશાન થઈ ગયા હતા. જો કે હજુ તેમાંથી મુકિત મળી નથી.

સેકટરોની આંતરિક સફાઈ પણ થતી નથી એટલું જ નહિ સેકટરોમાં મુકેલા કન્ટેઈનરો પણ નિયમિત રીતે ઉપડતા જણાયા નથી. આ કન્ટેઈનરો ભરાઈ જતાં લોકો હવે કચરો બહાર ફેંકી રહ્યા છે. વન વિભાગની હદમાં પણ સારી એવી માત્રામાં ગંદકી ફેલાઈ છે.

ગાંધીનગર શહેરની સફાઈ માટે રાજય સરકારે ખાસ ગ્રાન્ટ ફાળવી છે તેમજ સાધનો પણ આપ્યા છે પરંતુ માત્રને માત્ર તે દેખાવ પુરતા જ કાર્યાન્વિત થઈ શકયા છે. ચ રોડ અને ખ રોડના મહાત્મા મંદિરની આસપાસ જ સફાઈ વાહનો કરતા હોય તેવી છાપ ઉપસી રહી છે.

ગાંધીનગર શહેરમાં ગંદકીના થઈ રહેલા ખડકલા અને રખડતા પશુઓના ત્રાસ સામે કોંગી કાઉન્સીલર શ્રી પ્રવિણ પટેલે ઉગ્ર રોષ વ્યકત કરતાં જણાવ્યું છે કે તંત્ર નિષ્ફળ ગયું છે તેની નૈતિક જવાબદારી સત્તાધીશોની છે અને તેમણે હોદ્દાઓ પરથી રાજીનામા આપી દેવા જોઈએ. જો તેઓ સ્વચ્છતા જાળવી ના શકતા હોય તો સફાઈની સેવા સરકારને પરત સોંપી દેવી જોઈએ.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ અભિયાનને અસરકારક બનાવવા માટે કોંગ્રેસે મોબાઈલ કોર્ટ શરુ કરવા માટેનો પ્રસ્તાવ પસાર કર્યો હતો પરંતુ તંત્ર તેનું અમલીકરણ પણ કરતું નથી. ૧૦૦ જેટલા સફાઈ કામદારોને પૂર્ણ સમયના બનાવવામાં આવ્યા હતા પરંતુ તંત્ર પાસે આયોજનનો અભાવ છે.

ગાંધીનગર શહેરના સે-૨૧માં આવેલ શાકમાર્કેટમાં પણ સફાઈના મુદ્દે ગંભીર સમસ્યાઓ છે અને નિયમિત સફાઈના અભાવે દુર્ગંધ પણ ખુબ મારી રહી છે તેથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.



## સાંસદોના વિસ્તાર વિકાસ ગ્રાન્ટના વપરાશની સમીક્ષા માટે ટીમ આવે છે

### જિલ્લામાં લોકસભાના ત્રણ સાંસદોની ગ્રાન્ટમાંથી વિકાસના કામો સૂચવાયા છે

ગાંધીનગર, તા. ૯

સાંસદોને તેમના વિસ્તારના વિકાસ માટે અપાતી ગ્રાન્ટના ઉપીયોગની સમીક્ષા માટે એક ટીમ તા. ૧૫ થી ૨૧ દરમ્યાન ગુજરાત આવી રહી છે.

સાંસદોની બનેલી આ ટીમ જિલ્લાઓમાં થયેલા વિકાસના કામો જોવા ઉપરાંત કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો, કેટલા કામો પડતા મુકાયા તેના કારણો તેમજ અન્ય મુદ્દાઓ પર ગંભીરતાથી સમીક્ષા કરશે.

મળતી વિગતો પ્રમાણે સાંસદોની આવી રહેલી ટીમને લઈ રાજ્યના મુખ્ય સચિવશ્રી ડૉ. વરેષ સિંહાએ આ માટે દરેક જિલ્લાઓને તૈયારી કરવા માટેની સૂચનાઓ પણ આપી દીધી છે. આ સમિતિ લોકસભાના સાંસદોએ પાંચ વર્ષ દરમ્યાન સૂચવેલા કામો અને તેની હકીકતો મેળવનાર છે.

લોકસભાની મુદત પૂર્ણ થવામાં છે અને વિસ્તારના વિકાસ માટે ગ્રાન્ટની રકમમાં વધારો કરવા માટેની રજુઆતો પણ છે તેને ધ્યાને લેતાં આ સમીક્ષા અતિ મહત્વની પુરવાર થશે. સામાન્ય વહીવટ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ઘણા બધા જિલ્લાઓમાં સાંસદોની ગ્રાન્ટ પુરેપુરી વપરાઈ પણ નથી. ઘણા બધા વિસ્તારોમાં ધીમી ગતિએ આ કામો ચાલી રહ્યા છે. સરકારમાં પણ આ મુદ્દે રજુઆતો કરવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ત્રણ સાંસદોની ગ્રાન્ટ આવે છે. જિલ્લામાં સાંસદોની ગ્રાન્ટના વપરાશ અને કામો માટે ને લઈ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ખાસ મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં લોકસભાના ત્રણ સાંસદો દ્વારા વિકાસના કામો સૂચવવામાં આવ્યા છે તેમાં શ્રી એલ.કે. અડવાણી, શ્રીમતિ જયશ્રીબેન પટેલ ને શ્રી હરિન પાઠકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજયસભાના સાંસદોએ પણ જિલ્લાના વિકાસ કામો માટે વિશેષ ગ્રાન્ટ ફાળવી છે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

જય જલારામ - ગુજરાતના સુપ્રસિદ્ધ સંત જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે શનિવારે શહેરમાં શોભાયાત્રા યોજાઈ હતી. અન્નદાનનો મહિમા જેમણે જીવનભર સમાજને આપ્યો એવા લોકહૃદયમાં અજોડ સ્થાન પ્રાપ્ત કરનાર જલારામ બાપાની જન્મજયંતિ ધામધૂમપૂર્વક ઉજવાઈ હતી. જલારામ ધામ ખાતે પૂજન અર્ચન અને ભક્તિસંગીતના કાર્યક્રમો સાથે અન્નક્ષેત્રની પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવાઈ હતી.


પાલનપુર નગરપાલિકા, પાલનપુર

દિપાવલી/નૂતન વર્ષ નિમિત્તે નગરજનોને હાર્દિક શુભકામના

અભિનંદન

- પાલનપુર શહેર આપણું શહેર, તેનો વિકાસ થાય, સ્વચ્છતા જળવાય અને નિર્મળ બને તેવો સહિયારો પ્રયાસ કરીએ.
- વેપારી મિત્રો તમો પણ સ્વચ્છતાના સુત્રધાર છો. નગરપાલિકાને સ્વચ્છતાના કાર્યમાં હૃદયથી સહકાર આપો અને પોતાના ધંધાના સ્થળેથી નિકળતો કચરો છૂટો ન નાખતા ડબ્બામાં / ડસ્ટબિનમાં એકત્રિત કરો.
- લોકભાગીદારીથી શહેરનો વિકાસ કરીએ.
- શહેરને પ્લાસ્ટીક મુક્ત બનાવીએ.
- નગરપાલિકામાં નિયમિત વેરાઓ ભરી શહેરના વિકાસમાં સહકાર આપીએ.

યુ.ડી. સિન્ધા મુખ્યઅધિકારી | અનિલ જે. ચક્રવર્તી ચેરમેન સેનીટેશન કમિટિ | અમૃત સી. જોષી ઉપપ્રમુખ | હસમુખ એમ. પઢિયાર પ્રમુખ

તથા નગરપાલિકાના સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ






દર વરસે કાર્તિક પૂર્ણિમાના દિવસે યોજાતા વૌઠાના મેળાની આ વરસે પણ ગુરૂવારથી આરંભ થઈ ચૂકેલ છે. જે કાર્તિક પૂર્ણિમાના દિવસે સંપન્ન થશે. સમગ્ર ગુજરાત તેમજ આસપાસના રાજ્યોમાંથી હજારોની સંખ્યામાં લોકો ગધેડાની લે વેચ માટે જોડાશે. ઉપરોક્ત તસ્વીરમાં જોઈ શકાય છે કે મોટી સંખ્યામાં ગધેડાઓને એમના માલિકો દ્વારા લાવીને શણગારવામાં આવી રહ્યા છે. તેમજ ગધેડાના સારા સ્વાસ્થ્યની જાણકારી તે લોકો ગધેડાના દાંત જોઈને કરતા હોય છે જે તસવીરમાં જોઈ શકાય છે. મોટી સંખ્યામાં લોકો નદીના પટમાં તંબુ બનાવાની શરૂઆત કરી દીધી છે. આ જગ્યાએ સાબરમતી અને વાત્રક નદીનો મિલાપ થાય છે. આ જગ્યા સપ્તસંગમ તરીકે પણ ઓળખાય છે. ભગવાન શંકર અને પાર્વતીના પુત્ર કાર્તિકેય આ જગ્યાની મુલાકાત લીધી હતી એમ મનાય છે. આથી કાર્તિક પૂર્ણિમાના દિવસે આ મેળો યોજાય છે.

(તસવીર : કુશલ ભટ્ટ)

## રાજયના પોલીસતંત્રમાં બદલી-બઢતીનો દોર આવે છે

ગાંધીનગર, તા. ૯

રાજ્યના ડી.જી. તરીકે કાયમી ડી.જી.ની નિમણુંક કરવામાં આવ્યા બાદ પોલીસતંત્રમાં બઢતી બદલીનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના પોલીસ વડાની ખાલી પડેલી જગ્યા પર રાજ્ય સરકારે રેગ્યુલર ડી.જી.ની નિમણુંક કરવાને બદલે હાલમાં એડીશનલ ડી.જી.પી.ને ડી.જી.પી.નો ચાર્જ સોંપવામાં આવ્યો છે. છેલ્લા બે મહિનાથી આ જગ્યા ચાર્જમાં ચાલી રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના ડી.જી.પી.ની નિમણુંક માટે ડી.પી.સી.ની બેઠક એકવાર મળી ચૂકી છે. જો કે રેગ્યુલર ડી.જી.ની નિમણુંક માટે હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા કોઈ જ નિર્ણય લેવામાં આવ્યો નથી. જેના કારણે અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની ખાલી જગ્યાઓ પણ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ૧૪ જેટલા ડી.વાય.એસ.પી. સંવર્ગના અધિકારીઓને ડી.એસ.પી. તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા તેજ બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત પી.એસ.આઈ. માંથી પી.આઈ. તરીકે અને પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા માટે ડી.પી.સી.ની બેઠક મળી ચૂકી છે.

પ્રાપ્ત વિગતો મુજબ બઢતીઓ માટેની તમામ પ્રક્રિયાઓ ગૃહ વિભાગ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. જો કે રાજ્યના ડી.જી. તરીકે રેગ્યુલર ડી.જી.ની નિમણુંક કરવામાં ન આવે ત્યાં સુધી બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં નહી આવનાર હોવાનું જાણવા મળે છે.


બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ

જુના ગંજ બજાર, પાલનપુર, ફોન : ૨૫૨૫૦૩, ૨૫૩૭૦૬

આટલુ અવશ્ય કરો

૧. શિક્ષણ ફંડની રકમ ડિવીડંડ વહેંચતા પહેલા સંઘને મોકલો.
૨. જિલ્લા સહકારી સંઘ મારફત યોજવામાં આવતા સહકારી શિક્ષણ વર્ગોનો લાભ મેળવો.
૩. ધર્માદા ફંડ વાપરવાની મંજુરી સંઘમાંથી મેળવીને ધર્માદા ફંડનો ઉપયોગ કરો.
૪. તમારો વાર્ષિક અહેવાલ, હિસાબ અને સભ્ય ફી જિલ્લા સહકારી સંઘને અવશ્ય મોકલો.
૫. મંડળીને લગતું સાહિત્ય જિલ્લા સહકારી સંઘમાંથી ખરીદવાનો આગ્રહ રાખો.
૬. નવી મંડળીની રચના કે મંડળીના પ્રશ્નો માટે જિલ્લા સહકારી સંઘની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવો.
૭. સંઘ યોજીત સહકારી પરિષદો, શિબિર, સેમીનારો અને સભાઓમાં પ્રતિનિધિ મોકલો.
૮. ગુજરાત રાજ્ય સહકારી સંઘ પ્રકાશિત સહકાર સાપ્તાહિક અને ગ્રામ સ્વરાજ માસિક લવાજમ ભરી મેળવો.
૯. આ સંઘ આપનો છે તેની સાથે સતત સંપર્કમાં રહો.

શ્રી પાંચાભાઈ વી. પટેલ
શ્રી જવાનસિંહ જી. સોલંકી
ઉપાધ્યક્ષ

શ્રી અણદાભાઈ પટેલ
અધ્યક્ષ

શ્રી નરસંગભાઈ વી. પટેલ
શ્રી મલાભાઈ એમ. દેસાઈ
માનદ્ મંત્રી

શ્રી કે. જી. ચૌધરી
એક્ઝીક્યુટીવ ઓફિસર

શ્રી ધુળાભાઈ એન. દેસાઈ
સહમંત્રી




### બેસણું

અમારા સુપુત્રશ્રી

**બિપીનકુમાર નટવરભાઇ વ્યાસનું**

તા.૮-૧૧-૨૦૧૩ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૧૦-૧૧-૨૦૧૩ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : ઇ-૨૦૫, દ્વારકેશ રેસિડેન્સી, ગોકુલપુરા પાસે, ગાંધીનગર-વાવોલ રોડ, વાવોલ.**

લિ. શ્રી નટવરભાઇ કચરાભાઇ વ્યાસ (રાંધેજા)
સમસ્ત રાયગઢ પરિવાર

નોંધ : સુંવાળા તા.૧૮-૧૧-૨૦૧૩ને સોમવારે સવારે ૧૦ કલાકે રાંધેજા મુકામે રાખેલ છે.


કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર.

શ્રી ઉમિયા પરિવારોને શુભસંદેશો

શ્રી ઉમિયા દશાબ્દિ મહોત્સવ, સમાજ ભવનનું ઉદ્‌ઘાટન અને ટ્રસ્ટી-દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમમાં સહપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તા.૧૦-૧૧-૨૦૧૩ રવિવાર રાત્રે ૮ થી ૧૨ કલાક સુધી ડાયરો અને યજમાન ઉછામણી થશે.

તા.૧૭-૧૧-૦૦૧૩, રવિવાર અન્નકુટ અને પ્રસાદ વિતરણ

શોભાયાત્રા- દશાબ્દિ મહોત્સવ
તા.૮-૧૨-૨૦૧૩ રવિવાર સવારે ૭.૦૦ થી ૧.૩૦ વાહનો સાથે માતાજીનો રથ નગરમાં ફરશે. ત્યારદબાદ ભોજનપ્રસાદ અને વિસર્જન

તા.૧૩-૧૨-૨૦૧૩, શુક્રવાર, વાસ્તુપૂજન અને વિષ્ણુયાગ યજ્ઞ
ઉદ્‌ઘાટન : બપોરે ૧૨.૩૯ કલાકે પૂર્ણાહુતિ સાંજે ૪.૦૦ કલાકે,
સન્માન કાર્યક્રમ : રાત્રે ૭ થી ૧૦ કલાકે

તા.૧૪-૧૨-૨૦૧૩ સવાર થી સાંજ સન્માન કાર્યક્રમ, ઇનામ વિતરણ અને પૂર્ણાહુતિ

દરેક ગોળ-સમાજ દ્વારા તા.૨૦-૧૧-૨૦૧૩ થી ભોજન પાસ વિતરણ થશે. સમાજ ભવન કાર્યાલયમાંથી દરેક સમાજના પ્રમુખ / મંત્રીશ્રીઓએ ભોજન પાસ મેળવી સમયસર વિતરણ કરવા વિનંતી છે.

સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...

ભોળાભાઇ આઇ.પટેલ મહામંત્રી (મો. ૯૮૨૪૪ ૦૯૩૨૭)

મંગળદાસ એ.પટેલ પ્રમુખ (મો. ૯૮૨૫૨ ૯૮૯૮૦)



જીંદાલ TMT સ્ટીલ A MaIN FORCE COMPANY IN INDIA

દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ

સેલ્સ પ્રમોટર્સ : Build the trust

Since 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદરા વાળા)

Steel Tiger

૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૩૮૦૧, મો. : ૯૯૯૮૪ ૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮

અલ્ટ્રાટેક સિમેન્ટ એન્જિનિયરની પસંદગી

સ્પે. સેવાલીયા કપચી (VSI કટીંગ)

સિમેન્ટ બ્લોક